આપણું પોતાનું અખબાર

આળશુ લોકોની કોઇ જ મહેચ્છા પૂર્ણ થતી નથી
- સર્વેન્ટિન

# ગાંધીનગર સમાચાર

ઈ-પેપર gandhinagarsamachar.com

વર્ષ : (૨૭) અંક નં. ૭૬ | ૨૬ મે ૨૦૧૨, શનિવાર, જયેષ્ઠ સુદ - ૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૨૦

### દિલ્હીમાં નવી સરકાર આવશે ત્યારે લોકો મેટ્રોરેલમાં સફર કરતા હશે

## મેટ્રોરેલનો પ્રથમ તબક્કો ૨૦૧૫માં પૂર્ણ કરાશે

**(વિશેષ પ્રતિનિધિ)**

ગાંધીનગર,તા.૨૩

ગાંધીનગર અને અમદાવાદ વચ્ચે શરૂ થનારી મેટ્રોરેલની મજેદાર બાબત એવી છે કે નવી દિલ્હીમાં નવી સરકાર આવશે ત્યારે ગાંધીનગરના મુસાફરો મેટ્રોરેલમાં સફર કરતા હશે, કારણ કે કેન્દ્રના અર્બન ડેવલપમેન્ટ ડિપાર્ટમેન્ટે કહ્યું છે કે ગુજરાત સરકાર મેટ્રોરેલનો પ્રથમ તબક્કો ૨૦૧૫ સુધીમાં પૂર્ણ કરવા માગે છે અને તેના માટે કુલ ખર્ચના ૨૦૦૦ કરોડની સહાય કેન્દ્ર પાસે માગવામાં આવી છે.

હાલની સ્થિતિએ મેટ્રોરેલના સંપૂર્ણ પ્રોજેક્ટ પાછળ૧ ૨૦૦૦ કરોડનો ખર્ચ અંદાજવામાં આવ્યો છે. કુલ પ્રોજેક્ટના ૨૫ ટકા રકમ કેન્દ્ર સરકાર પાસે માગવામાં આવી છે. રાજ્ય સરકારે બજેટમાં ૫૦૦ કરોડના ખર્ચની જોગવાઈ કહી છે અને ૨૩૦૦ કરોડ રાજ્ય સરકારના નફો કરતા જાહેર સાહસો તેમજ

● અનુસંધાન પાન-૭ પર

## એક કલાકમાં ૪૦ હજાર મુસાફરોની હેરફેર થશે

ગાંધીનગર-અમદાવાદ મેટ્રોરેલ એક કલાકમાં ૪૦ હજાર મુસાફરોની હેરફેર કરી શકશે. આખા દિવસ દરમ્યાન ૧૭ લાખ મુસાફરો તેમાં સફર કરશે. પ્રથમ તબક્કામાં કાલુપુરથી એરપોર્ટ અને ગિફ્ટસિટીને જોડવાનું તેમજ બીજા તબક્કામાં સરખેજ થી ઈન્દ્રોડા સર્કલ અને વાસણા થી સરખેજના રૂટનો સમાવેશ થાય છે.

સૂત્રો કહે છે કે હાલ ગાંધીનગર-અમદાવાદ વચ્ચે બસનું જે ભાડુ છે તેના ૬૦ ટકા ભાડું આ મેટ્રોરેલનું રહેશે. ગાંધીનગરમાં મેટ્રોરેલના ૧૧ સ્ટેશન આપવામાં આવ્યા છે, જ્યારે કુલ ૫૫ સ્ટેશનમાં બાકીના સ્ટેશન અમદાવાદ શહેરી વિસ્તાર અને હાઈ-વે ના રહેશે.

અક્ષરધામ થી વાસણાનું અંતર ૩૨.૬૫ કિલોમીટર છે. કાલુપુર થી થલતેજનું અંતર ૧૦.૯૦ કિલોમીટર છે અને ગિફ્ટ સિટી થી કોબા-એરપોર્ટનું અંતર ૧૬ કિલોમીટર છે. પ્રથમ ફેઝમાં ૫૮ કિલોમીટરનો રેલ્વેટ્રેક બનાવવાનો થાય છે.

## જિલ્લાના ૧૫ તલાટીઓને નોટીસ

### પચ્ચાસ ટકાથી ઓછા વેરાની વસુલાતવાળા ગામોના તલાટીઓને કારણદર્શક નોટીસ

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર જિલ્લા પંચાયતના આજે કરાયેલ એક મહત્વના નિર્ણયમાં ૫૦ ટકા કરતાં ઓછી વેરાની વસુલાત કરનાર ૧૫ જેટલા તલાટીઓને કારણદર્શક નોટીસ પાઠવવામાં આવી છે.

ગાંધીનગર જિલ્લા પંચાયત સુત્રોએ જણાવ્યું છે કે, ગયા વર્ષે આવા ત્રણ જેટલા તલાટીઓને નોટીસ પાઠવવામાં આવી હતી. મળતી વિગતો મુજબ જિલ્લા પંચાયતે આ તલાટીઓને નોટીસ પાઠવી સાત દિવસમાં જવાબ રજુ કરવા જણાવ્યું છે. આ તલાટીઓનો જવાબ સંતોષકારક નહિ લાગે તો તેમના ઈજાફા અટકાવવા સહિતની શિક્ષાઓ ફરમાવવામાં આવશે.

આ સૂત્રોએ વધુમાં જણાવ્યું છે કે, ગાંધીનગર જિલ્લા પંચાયત છેલ્લા ચાર માસથી સઘન અને સતત ઝુંબેશ ચલાવવામાં આવી હતી. જે તલાટીઓને નોટીસ આપવામાં આવી છે તેમાં માણસા અને કલોલ તાલુકાના તલાટીઓનો સમાવેશ થતો હોવાનું જાણવા મળે છે.

ગાંધીનગર જિલ્લા પંચાયત દ્વારા અન્ય બે તાલુકાની સમીક્ષા કામગીરી ચાલુ છે તેમાં પણ આવા તલાટી મળી આવશે તો તેમને પણ નોટીસ આપવામાં આવશે.

સફળતાની સફરમાં 62મું મુકામ
62 ANNIVERSARY utsav
૯ મી જૂન, ૨૦૧૨ સુધી.
916 હોલમાર્ક ગોલ્ડ જ્વેલરીની ખરીદી પર દર 10 ગ્રામે ₹ 1100/- સુધીની છૂટ
રીયલ ડાયમંડ જ્વેલરીના ઘડામણ પર 50% સુધીની છૂટ



એ બી જ્વેલર્સ
શિવરંજની ક્રોસ રોડ, સેટેલાઈટ, અમદાવાદ.
(અમારી બીજી કોઈ શાખા નથી)
ફોન: 079-26742525 / 26
email: benchmark@abjewels.com
*શો-રૂમ રવિવારે બંધ રહેશે
Since 1950
... આપનું ગર્વ!
ડાયમંડ
પ્લેટિનમ • ગોલ્ડ • સિલ્વર
અમદાવાદનો સૌથી વિશાળ જ્વેલરી મોલ

આવતી કાલથી શુભઆરંભ
GAL'AXY PLY & LAMINATES
ગેલેક્ષી પ્લાય એન્ડ લેમીનેટ
ઓથોરાઈઝડ ડીલર : Greenply
- ડેકોરેટીવ લેમીનેટ
- વીનિયર
- પ્લાયવુડ
- બ્લોક બોર્ડ
- ફલશબોર્ડ
- હાર્ડવેર

કનેકટેડ ફર્મ
કૈલાસ ટ્રેડીગં કંપની
રાકેશ પટેલ : ૯૮૨૪૨૬૭૮૯૧
કૈલાસ ટ્રેડર્સ
કનુભાઈ પટેલ : ૯૮૨૪૩૫૯૫૪૫

ગેલેક્ષી પ્લાય એન્ડ લેમીનેટ : સી—૫, સ્વાગત રૈઈનફોરેસ્ટ—૩,સરગાસણ ચોકડી નજીક,ખ – રોડ,ગાંધીનગર. (ઓ.)૯૯૦૪૧૧૯૨૨૨,(મો.)૯૭૨૩૨૮૬૨૧૩

પંજાબનો તડકો કે ગુજરાતનો ચસ્કો, ફક્ત એક જ જગ્યાએ
AGORA MALL™ High-end destination @ 200 Ft. Ring Road, Between Tapovan & Bhat Circle
Call: 079-23963111, 92278 88221 | www.sbam.in
SHREE BALAJI GROUP




